# સરદાર પટેલ : જેટલું વિશાળ વ્યક્તિત્વ, એટલી જ વિરાટ પ્રતિમા



વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યૂ ઓફ યુનિટીનું લોકાર્પણ તા. ૩૧ ઓક્ટોબરના રોજ વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરાશે. તે પૂર્વે તંત્ર દ્વારા તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. તાજેતરમાં મુખ્યમંત્રી વિજય રૂપાણી અને ના. મુખ્યમંત્રી નીતિન પટેલે પણ સ્ટેચ્યૂના સ્થળે જઈને તૈયારીઓનું નિરીક્ષણ કર્યું હતું. બીજી તરફ એકતા યાત્રાનું પણ આયોજન કરાયું છે. જે સમગ્ર રાજ્યમાં ફરી સરદાર વલ્લભભાઈ પટેલના જીવન-કવન વિશે લોકોને જાણકારી આપશે. ડ્રોન કેમેરાથી લેવાયેલી આ તસવીરમાં સરદાર વલ્લભભાઇ પટેલની વિશાળ પ્રતિમા અદ્‌ભુત લાગી રહી છે.

### મુખ્યમંત્રીના હસ્તે બારડોલીથી એકતા રથ યાત્રાનું પ્રસ્થાન સાથે સૂર્યશકિત યોજનાનો શુભારંભ

# કોંગ્રેસના રાજમાં ખેડૂતોને પાક વીમા માટે ગોળીઓ મરાતી હતી : રૂપાણી

### કોંગ્રેસે મહાત્મા ગાંધી, ડો.બાબાસાહેબ આંબેડકર અને સરદાર પટેલને ભારે અન્યાય કર્યો

। બારડોલી ।

શુક્રવારે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સ્ટેચ્યૂઓફ યુનિટી અંતર્ગત એકતા રથ યાત્રાનું સરદાર પટેલની કર્મભૂમિ બારડોલી ખાતેથી પ્રસ્થાન કરાવ્યું હતુ. તેની સાથે ખેડૂતો માટેની સૂર્યશકિત યોજનાનો સુભારંભ પણ કર્યો હતો.

આ પ્રસંગે મુખ્યમંત્રી રૂપાણીએ કહ્યુ કે, સરદાર પટેલે દેશને એક કર્યો છે, તેથી સરદાર પટેલ દેશની એકતાનું પતિક છે. ત્યારે એ એકતા અખંડિતતાનો ભાવ 10 હજાર ગામોમાં જનજનમાં આ એકતા યાત્રા જાગૃત કરશે.

મુખ્યમંત્રીએ કહ્યું કે, 31 ઓકટોબર સરદાર જયંતિએ સરદારની વિશ્વની સૌથી ઊંચી પ્રકૃતિનો લોકાર્પણ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કરવાના છે. તે ઊંચા માનવીની ઊંચી પતિમા બની રહેશે. વધુમાં મુખ્યમંત્રીએ કહ્યુ કે, આજે સૌ કોઈમાં જાતિ, પાતિ, કોમ, ધર્મના ભેદથી ઉપર ઊઠી પહેલાં ભારતીયતાનો અને મા-ભારતીનો જયકાર કરીને રાષ્ટ્ર હિત સર્વોપરીના ભાવ સાથે આ એકતા યાત્રાના ૬૦ રથ ગામોમાં ફરશે. સરદાર પટેલે ખેડૂતો માટે પોતાનું જીવન સમર્પિત કર્યું હતુ. ખેડૂતોની લગાન સામેની લડત-સત્યાગ્રહના ઐતિહાસિક નગર બારડોલીથી ગુજરાત સરકારે ખેડૂતોને ખેત ઉત્પાદન માટે સૂર્યશકિત ઉર્જા ખેતરમાં જ પેદા કરવા અને વધારાની વીજળી વેચી આવક મેળવવા સ્કાય સુર્યશકિત કિશાન યોજનાનો પ્રારંભ કરાવ્યો છે.

મુખ્યમંત્રીએ જાહેર કર્યુ કે, આઝાદી પછી દેશના ઈતિહાસમાં પહેલીવાર ભાજપની સરકાર શેરડીની પણ ટેકાના ભાવે ખરીદી નવેમ્બર માસથી કરશે.




ભૂતકાળમાં ટેકાના ભાવે કોઈ ખરીદી કોંગ્રેસ સરકારોએ કરી નથી, એટલું જ નહિ, પાક વીમાના નામે ખેડૂતોને ગોળીઓ-લાઠી મારી હતી, જ્યારે હાલની સરકારે છ હજાર કરોડના ખર્ચે ટેકાના ભાવે વિવિધ પાકોની ખરીદી કરી છે. તેમણે એમ પણ કહ્યું કે, કોંગ્રેસે મહાત્મા ગાંધીજી, ડો.બાબાસાહેબ આંબેડકર અને સરદાર વલ્લભભાઈ પટેલને હાંસ્યામાં ધકેલવાનું કામ કર્યુ છે. વડાપ્રધાન બન્યા પછી નરેન્દ્ર મોદીએ દેશના તમામ મહાપુરુષોને સન્માનિત રીતે તેમનું ઉચ્ચ સ્થાન અપાવવાનું કામ કર્યું છે. સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ઈશ્વર પરમારે જણાવ્યુ કે, સરદાર પટેલની પ્રતિમાનું અનાવરણ ગુજરાત અને દેશ માટે એક વિરલ ઘટના બનશે. દેશને એક તાંતણે બાંધનાર સરદારનું આ સાચું સન્માન છે.

વન અને આદિજાતિ વિકાસ મંત્રી ગણપત વસાવાએ કહ્યું કે, બારડોલીની ભૂમિ પરથી એકતા યાત્રાનો શુભારંભ એ બારડોલી માટે પણ ગૌરભરી ક્ષણ બની છે. ઉર્જામંત્રી સૌરભભાઈ પટેલે સરકાર પણ ખેડૂતોની વિજળી અને પાણીની મૂળભૂત જરૂરિયાતો સંતોષવા પ્રતિબધ્ધ છે. એમ જણાવી સૂર્ય શકિત કિશાન યોજના વિશે વિસ્તૃત વિગતો જણાવી હતી. આ યોજના થકી ખેડૂત વીજળીનું ઉત્પાદન કરી, સિંચાઈ માટે વીજળીનો ઉપયોગ તો કરશે જ, સાથે સાથે બચેલી વીજળી રાજ્ય સરકારને વેચીને આર્થિક રીતે સમૃદ્ધ પણ બનશે એમ ગૌરવભેર ઉમેર્યું હતું.

### શહેરનું તાપમા

સુરત : શુક્રવારે
૩૭.૦ ડિગ્રી રહેવા છ
૪૦.૦ ડિગ્રીની અનુ
કરીને સવારે નવ
વાતાવરણમાં છવા
દિવસભર કેર વ
બેબાકળા બનાવી દેતી
સહન કર્યો હતો. આ
ન્યૂનતમ પારો પણ ૨
ઊંચો નોંધાયો હતો.
નલિયામાં હજુ પણ
ડિગ્રી જેટલું ઊંચું ચાલ




પેટ્રોલ કિંમ
ડીઝલ કિંમ

